# શિક્ષણનું ખાનગીકરણ, વેપારીકરણ અને બજારીકરણ

ભારત આઝાદ થયું, પછી પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક ફરજિયાત અને મફત કરવામાં આવ્યું. જેના લક્ષ્યાંકો કેટલાક અંશે સિદ્ધ થયાં છે અને હજું કેટલાંક લક્ષ્યાંકો સિદ્ધ કરવાના બાકી છે. સરકાર અને સમાજ તે માટે હજુ ઝઝુમે પણ છે. આઝાદીબાદ સરકાર સામે વિવિધક્ષેત્રના અને લક્ષ્યાંકો હતા જે તમામ લક્ષ્યાંકો એક સાથે પાર પાડવા મુશ્કેલ હતાં. આ કામ સમાજની ભાગીદારી વગર કરવું અશક્ય હતું. સમાજની ભાગીદાર બનાવવાથી અનેક ફાયદાઓ થતાં હતા. જેમાં મુખ્ય બે ફાયદા હતા એક તો આર્થિક ખર્ચનો ભાર સરકાર પરથી હળવો થાય અને બીજો ફાયદો ગુણવત્તા સચવાય. સરકારના આ ઈરાદાને સામાજિક સંસ્થાઓ. મંડળોએ ખૂબ જ સારો સહકાર આપ્યો. જેના પરિણામે ભારતમાં ખાસ કરીને ઉચ્ચશિક્ષણક્ષેત્રે સહકારી સંસ્થાઓને કારણે સારો વિકાસ સાંપડી શકાયો છે.

શિક્ષણમાં સહકારી અને ખાનગી સંસ્થાઓને સામેલ કરવાની પ્રક્રિયાને આપણે સૌ શિક્ષણના ખાનગીકરણના નામે ઓળખીએ છીએ. જેમાં આ સંસ્થાઓ વિવિધ રીતે, વિવિધ સહયોગ આપીને કે લઈને કામ કરી રહી છે. શિક્ષણનું ખાનગીકરણ કરવામાં આવ્યું ત્યારે જે જે સંસ્થા કે વ્યક્તિઓએ આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું હતું તેની પાછળનો તેમનો મુખ્ય ઉદેશ સેવાનો હતો. સેવાભાવી મંડળો કે વ્યક્તિઓ સરકારના નિયમોને આધિન રહીને ઉમદા હેતુને લઈને ઉમદા પ્રકારનું કાર્ય કરતા હતા. આજે પણ આવી સંસ્થાઓ ગુજરાત અને ભારતમાં છે. આવી સંસ્થાઓ પૈસા પાછળ પાગલ ન હતી, પણ સમાજમાંથી ફંડફાળા દ્વારા પૈસા ખેંચીને શિક્ષણમાં વાપરતી હતી. તેમનો મુખ્ય ઉદેશ શિક્ષણ અને સેવા હતા. શિક્ષણ આપીને નફો કરવાનો વિચાર તેમના મનમાં હતો નહીં અને આવતો પણ નહીં.સેવાભાવી આવી અનેક સંસ્થાના સહયોગને કારણે સરકારને ખૂબ જ રાહત થયેલ. સમાજ પ્રગતિના પંથે ચાલતો. આવી સંસ્થામાં કામ કરનારને લોકો ખૂબ જ માનની નજરે જોતા, તેમનો આદર કરતા. ક્યારેક કોઈ વ્યક્તિના નામે સંસ્થા ઓળખાતી તો ક્યારેક સંસ્થાને કારણે વ્યક્તિ ઓળખાતી. સરકાર પણ આવી સંસ્થાને માનની નજરે જોતી. આવી સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓને કારણે જ આપણું શિક્ષણ ગુણવત્તાભર્યું અને સાર્વત્રિક બની શક્યું છે.

આઝાદી પછી આવું લગભગ ૨૦-૨૫ વર્ષ ચાલ્યું, ત્યારબાદ શિક્ષણક્ષેત્રે ખાનગી સંસ્થાઓમાં વધારો થવા લાગ્યો. નવી આવતી સંસ્થામાં મોટાભાગની સંસ્થાઓ સેવા કરવાના હેતુ સાથે આવતી નહતી, પણ પૈસા કમાવાના કારણે આવતી હતી. આવી સંસ્થાઓ સરકારનાનિયમોને એકબાજુએ મૂકીને મન ફાવે તેમ કામ કરવા લાગી, સરકારે અંકુશ મૂકવા માટે કેટલાક પ્રયત્નો પણ કર્યા, છતાં સરકાર બધી જગ્યાએ પહોંચી ન શકી. શિક્ષણમાં વેપારીકરણ શરૂ થઈ ગયું. કોઈ વેપારીનો હેતુ નફો રળવાનો જ હોય છે, તેમ આવી સંસ્થાઓનો હેતુ પણ વહેપારી જેવો જ બની ગયો. જુદી જુદી પ્રયુક્તિઓ દ્વારા વિદ્યાર્થી, વાલી, સમાજ અને સરકારને આવી સંસ્થાઓ છેતરવા લાગી. વાલીઓના ક્યાંક નાનામોટા વિરોધ થયા, પણ વાલીઓ ફાવ્યા નહીં. વિદ્યાર્થીઓ પાસેથી ઊંચી ફી, શિક્ષકોને ઓછા પગાર, શિક્ષકની ભરતીમાં ભ્રષ્ટાચાર, સરકારી ગ્રાંટમાં ઘાલમેલ કરીને આવી સંસ્થાઓ પોતાનો રોટલો શેકવા લાગી. શાળા-કોલેજ સંચાલકો માલેતુજાર બનવા લાગ્યા. તેમના આ કરતૂતોનો ચેપ લાગવા લાગ્યો. સંસ્થાઓ હાટડીની જેમ ખૂલવા લાગી. અન્ય ધંધાદારી લોકો પણ પૈસા કમાવા શિક્ષણમાં આવવા લાગ્યા. શૈક્ષણિક સંસ્થાઓના

નામના પાટીયાં વેચાવા લાગ્યા ! આઝાદી પછીના ૨૫ વર્ષના આ બીજા તબક્કામાં શિક્ષણ સાર્વત્રિક રીતે વેપાર બની ગયો. ત્યારે જે સંસ્થાઓ ખરેખર સેવા કરવા માટે ક કામ કરતી હતી, તેમને પણ ક્યાંક ક્યાંક ખોટો ચેપ લાગ્યો અને જે સંસ્થાઓને ચેપ લાગ્યો ન હતો તેવી સંસ્થાઓને ટકવું મુશ્કેલ બની ગયું. કારણ ભ્રષ્ટાચાર અને નવા વાતાવરણની આધુનિક સગવડતાને નામે ફૂંકાતી હવા. આ બંને પરિબળો સામે સારી ગણાતી સેવાભાવી સંસ્થાઓને ટકવા માટે મથામણ કરવી પડતી. જેને પરિણામે કેટલીક સંસ્થાઓ તો બંધ પણ થઇ ગઇ અથવા તો શૈક્ષણિક રીતે ખૂબ જ પાછળ ધકેલાઇ ગઇ.

આઝાદી પછીનો ૨૫ વર્ષના ત્રીજા તબક્કામાં શિક્ષણનું બજારીકરણ થતું હોય તેમ લાગે છે. અહીં પણ મુખ્ય હેતુ પૈસા કમાવાનો જ છે. નવીનવી સંસ્થાઓ ખૂલવા લાગી, પરદેશના પૈસા આપણા દેશમાં શિક્ષણ ક્ષેત્રે સીધી કે આડકતરી રીતે રોકાવા લાગ્યા. બજારના કેટલાક તત્ત્વોએ પ્રવેશ કર્યો . બજારમાં જેમ ચડઉતર થાય તેમ શિક્ષણમાં પણ કેટલાક પ્રવાહો-અભ્યાસક્રમોમાં ચડઉતર થવા લાગી. શૈક્ષણિક સંસ્થાઓ ક્યાં ખોલવી તે પણ બજારની જેમ નક્કી કરવામાં આવતું. બજારમાં જેમ ખોટી-ગંદી હરિફાઇ હોય છે તેવી હરીફાઇ શિક્ષણક્ષેત્રમાં પ્રવેશી. બજારમાં જો કોઇ ધંધો કે દુકાન બરાબર ન ચાલે એટલે કે ગ્રાહકો પૂરતા ન મળે તો ધંધો બદલી નાંખવામાં આવે કે દુકાનની અંદરની વસ્તુઓ બદલી નાંખવામાં આવે તેમ શિક્ષણમાં પણ ખૂલેલ કોલેજ કે શાળા યોગ્ય કમાણી કરી ન આપે તો અભ્યાસક્રમ બદલી નાંખવામાં આવે કે મિડિયમ બદલી નાંખવામાં આવે. બજારમાં જેમ શેની માંગ છે તે મુજબ ધંધો કરવામાં આવે તેમ શિક્ષણમાં પણ થવા લાગ્યું. આધુનિક બજારો એ શોપિંગ મોલ કે કોમ્પ્લેક્ષમાં ચાલવા લાગ્યા તો શિક્ષણને પણ તેની અસર થઇ. આજે ઘણી શૈક્ષણિક સંસ્થાઓ શોપિંગ મોલ કે કોમ્પ્લેક્ષમાં ચાલે છે. બજારમાં કેટલાક વેપારીઓ ગરાહકને છેતરે છે કે લૂટે છે તેમ શિક્ષણમાં પણ વાલી છેતરાવા લાગ્યો અને લૂંટાવા લાગ્યો. વેપારી ગ્રાહકને આકર્ષવા માટે વિવિધ પ્રયુક્તિઓ કરે છે તેમ આજની કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ પણ વાલીને આકર્ષવા માટે વિવિધ પ્રયુક્તિઓ કરવા લાગી છે. શિક્ષણમાં બજારે પ્રવેશ કર્યો છે કે બજારમાં શિક્ષણે પ્રવેશ કર્યો છે તે નક્કી કરવું મુશ્કેલ બની ગયું છે. શિક્ષણ અને બજાર એકબીજાં ઓતપ્રોત બની ગયા છે. બજારની સારી નરસી હવા શિક્ષણમાં પણ ફૂંકાવા લાગી છે. બજારમાં શૈઠના નોકરો જેમ કામ કરે તેમ શાળા-કોલેજોમાં પણ સ્ટાફે સંચાલકની વિચારસરણી પર કામ કરવું પડે છે, પછી તે સાચું હોય કે ખોટું હોય તે સ્ટાફના માણસોએ વિચારવાનું હોતું નથી. શૈઠ ઇચ્છે ત્યારે નોકરને કાઢી મૂકે તેમ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ સંચાલકો ઇચ્છે ત્યારે શિક્ષક કે ફેકલ્ટીને કાઢી શકે છે. ટૂંકમાં શિક્ષણનું અત્યારે બજારીકરણ થઇ ગયું છે તેમ કહેવામાં સહેજ પણ વિચાર કરવો પડતો નથી કે સંકોચ થતો નથી, હા દઃખ અવશ્ય થાય છે. આમ, શિક્ષણમાં પહેલાં ખાનગીકરણ, પછી વેપારીકરણ અને અત્યારે બજારીકરણ આવ્યું, હવે શું આવશે ? તે તો આવતો સમય જ બતાવશે, પણ જે આવે તે શિક્ષણના હિતમાં આવે તેવી મનોકામના.